શુક્રવાર, ૧૩-૧૦-૨૦૧૭

મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR

# ગુડ મૉર્નિંગ

સૌરભ શાહ
saurabh.shah@bombaysamachar.com

## આરુષિ કેસઃ અંધેર હતું એટલે આટલી દેર થઈ

સૌથી પહેલાં તો થૅન્ક ગૉડ, પાડ માનો ભગવાનનો કે આરુષિના માતાપિતા ગિલ્ટી નથી એવો ચુકાદો અલાહાબાદ હાઈ કોર્ટે આપ્યો. ચુકાદો વિપરીત હોત તો કદાચ ન્યાયતંત્ર પ્રત્યેની શ્રદ્ધા ઓછી થઈ જાત.

આરુષિ અને નોકર હેમરાજની હત્યા બદલ જો આરુષિનાં માતાપિતા ડૉ. રાજેશ અને ડૉ. નુપૂર તલવાર ગુનેગાર નથી તો અસલી ખૂની કોણ છે એવું ટીવી ચેનલો બપોરના ૩ વાગ્યાથી ચિલ્લાઈ ચિલ્લાઈને પૂછી રહી છે. એ સવાલ મારા હિસાબે સેકન્ડરી છે. પ્રથમ સવાલ એ પૂછાવો જોઈએ કે આરુષિનાં માબાપ ગિલ્ટી ન હોવા છતાં એમને ગિલ્ટી ઠેરવવામાં કોણે

(જુઓ પાનું ૭) ▸▸




# નાંદેડમાં ફરી એક વાર ‘અશોક’ પર્વ

### ▸ કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી, ભાજપનો રથ અટકાવ્યોઃ શિવસેના અને એઆઈએમઆઈએમના સુપડાં સાફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાંદેડ પાલિકાની ચૂંટણીના પરિણામમાં કૉંગ્રેસ પક્ષને એક તરફી સ્પષ્ટ બહુમતી મળી છે ત્યારે તેનાથી વિપરીત સેના, એઆઈએમઆઈએમને તદ્દન નકારાત્મક પરિણામ મળ્યું છે, જ્યારે બીજી બાજુ ભાજપને નોંધપાત્ર બહુમતી મળી નથી, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

વર્ષ ૨૦૧૨ની તુલનામાં આ વર્ષની ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષને બેવડી બેઠક મળી છે, જ્યારે સાથી પક્ષ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ તથા એઆઈએમઆઈએમ (ઑલ ઇન્ડિયા મજલીસ-એ-ઈતેહાદુલ મુસ્લિમીન)ને એક પણ બેઠક નહીં મળતા સૌથી મોટો ફિયાસ્કો થયો છે. ગયા વર્ષે એનસીપી અને એઆઈએમઆઈએમને અનુક્રમે ૧૦ અને ૧૧ બેઠક મળી હતી. ચૂંટણીના પરિણામની અત્યાર

(જુઓ પાનું ૭) ▸▸

### ભાજપના વળતા પાણી શરૂ થયાઃ ચવ્હાણ

નાંદેડ પાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસને મળેલા ભવ્ય વિજયની પ્રતિક્રિયા આપતા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તથા કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અશોક ચવ્હાણે કેન્દ્રના સત્તાધારી પક્ષ ભાજપ (ભારતીય જનતા પક્ષ) પર નિશાન સાધતા કહ્યું હતું કે હવે ભાજપના વળતા પાણી શરૂ થયા છે. ભાજપના ભાંગફોડિયા રાજકારણને નાંદેડવાસીઓએ ઝાકારો આપ્યો છે. જોકે પાંચેક નગરસેવકને ફોડવામાં આવ્યા છે, જેમાં પક્ષ બદલીને ભાજપમાં ગયા છે, પરંતુ તેમાં તમામની હાર થઈ છે. જોકે, અહીંની પાલિકામાં મળેલો વિજય એ કૉંગ્રેસ પક્ષનો છે, એવું તેમણે વધુમાં જણાવ્યું હતું. ■



# ભાંડુપની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય

### ▸ મહારાષ્ટ્રમાં ચારેય કોર્પોરેશનની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપ (પશ્ચિમ)ની વોર્ડ નંબર ૧૧૬ની પેટાચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. આ વોર્ડના કૉંગ્રેસના નગરસેવિકા પ્રમિલા પાટીલના મૃત્યુ બાદ યોજાયેલી પેટા ચૂંટણીમાં તેમની વહુ જાગૃતિ પાટીલ લગભગ પાંચ હજાર મતોથી ભાજપની ટિકિટ પર જીતી આવી છે. તો શિવસેનામાં કાર્યકર્તાઓમાં રહેલા અંસતોષનો ફટકો શિવસેના ઉમેદવાર મિનાક્ષી પાટીલને પડયો છે.

કૉંગ્રેસના પ્રમિલા પાટીલ ફેબ્રુઆરી ૨૦૧૭ની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૧૬માંથી જીતી આવી હતી પણ બે મહિનાની અંદર જ તેમનું હાર્ટ ઍટેકને કારણે મૃત્યુ થયું હતું અને તેમના નિધનને કારણે ખાલી પડેલી બેઠક પર બુધવારે પેટા ચૂંટણી યોજાઈ હતી. આ બેઠક જીતવા માટે ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું હતું

(જુઓ પાનું ૭) ▸▸

# ૨૦૧૯માં ભાજપનો મેયર?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યા બાદ પણ ભાજપે સત્તા સ્થાને આરૂઢ થવાને બદલે શિવસેનાને સત્તા સ્થાપવા દીધી હતી પણ હવે આગામી દોઢેક વર્ષમાં મહાનગરપાલિકામાં સત્તાના સમીકરણ બદલવાની શકયતા રાજકીય સ્તરે ચર્ચાઈ રહી છે. ભાંડુપની પેટાચૂંટણી ભાજપે જીતી લેતા હવે આગામી સમયમાં શિવસેના માટે પોતાનું સ્થાન ટકાવવું અઘરું સાબિત થવાનું છે.

પાલિકામાં શિવસેનાના અત્યારે ૮૪ નગરસેવક છે અને તેમને ચાર અપક્ષ નગરસેવકનું સમર્થન મળતા તેમનું સંખ્યાબળ ૮૮ જેટલું થયું છે. બહુમતીથી દૂર હોવાને કારણે ભાજપને મેયર પદ માટે તેમને સમર્થન આપ્યું હતું પણ સત્તામાં તેઓ શિવસેના સાથે જોડાયા નહોતા. અત્યાર સુધી પાલિકામાં તેમનું સંખ્યાબળ શિવસેના કરતા ફકત બે જ ઓછું હતું પણ હવે ભાંડુપની પેટાચૂંટણીમાં ભાજપના જાગૃતિ પટેલ જીતી જતા પાલિકામાં ભાજપના હવે નગરસેવકની સંખ્યા ૮૩ પર પહોંચી ગઈ છે. તેમને બે અપક્ષ નગરસેવકનું સમર્થન છે.

ભાજપના નગરસેવિકા અને મુંબઈના ભૂતપૂર્વ ડૅપ્યુટી મેયર શૈલજા ગિરકરનું હાલમાં જ નિધન થયું છે. તેને કારણે છ મહિનામાં તે જગ્યા પર પેટાચૂંટણી થવાની છે. તેમાં જો ભાજપનો ઉમેદવાર વિજયી

(જુઓ પાનું ૭) ▸▸

# મ. રે.માં રવિવારથી મોટરમેન નિયમ પ્રમાણે કામ કરશે?

### ▸ તો રોજની ૬૦૦થી વધુ લોકલ ટ્રેન રદ કરવાની નોબત આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાખો પ્રવાસીઓને રોજે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચાડનારા મોટરમેનો સાથે રેલવે દ્વારા કરવામાં આવતા ઓરમાયા વર્તનનો વિરોધ નોંધાવવા માટે રવિવારથી ફરજના કલાકો કરતાં વધુ કામ નહીં કરવાનો નિર્ણય મોટરમેન દ્વારા લેવામાં આવ્યો છે.

વધુ પડતાં તાણમાં કામ કરનારા મોટરમેનની સિગ્નલ જંપિંગ જેવી ભૂલ માટે પણ રેલવે દ્વારા તેમને નોકરીમાંથી કાઢી નાખવાની ધમકી આપવામાં આવતા મોટરમેન દ્વારા પણ રેલવે પ્રશાસનને નિયમ દેખાડવાનું નક્કી કર્યું છે અને ૧૫મી ઑક્ટોબરથી તેમણે રેલવેના નિયમ પ્રમાણે જ કામ કરવાનો નિર્ણય લીધો છે. મધ્ય રેલવે પર દર ચાર મિનિટે એક લોકલ દોડાવવામાં આવે છે અને દિવસના આશરે ૧૬૦૦થી વધુ લોકલ ચલાવવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં મોટરમેન

(જુઓ પાનું ૭) ▸▸

MAHABALESHWAR
HOTEL Pure Veg.
Rajesh
Diwali Booking Available
stay@hotelrajesh.com
A/C & Non-A/C Rooms / Swimming Pool, Garden & Indoor Games
For Booking Enquiry Contact
SUNDAY OPEN Ph. 26118994 / 26118995 / 26631503 / 09769894565
Online Payment Facilities Available
www.hotelrajesh.com




‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. કાર્યકારી તંત્રીઃ નીલેશ દવે, ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957**
"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Mr. Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Executive Editor Mr. Nilesh Dave, Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957**